# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય ગાંધીનગર સેક્ટર-૨૧

"ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩)"

"Departmental Exam (Class-3)"

**જાહેરનામું** : :ક્રમાંક/રાપબો:ખા.પ./૨૦૧૬/૧૨૮૪૬-૧૨૯૯૬ તા:૦૧/૧૨/૨૦૧૬

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : એડીઆઇ - ૧૦૭૫ - સી – ૧૯૬૯ - લ, તા.૨૧/૧૨/૨૦૧૨ થી બહાર પાડેલ જાહેરનામાના અનુસંધાને આગામી તા.૧૧,૧૨-ફેબ્રુઆરી -૨૦૧૭ના રોજ લેવાનાર વર્ગ-૩ના મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તથા પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તા: ૦૯/૧૨/૨૦૧૬ થી તા:૧૯/૧૨/૨૦૧૬ દરમ્યાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ **આવેદન ફોર્મ ભરવા અંગે સૂચનાઓ :**

ઓનલાઇન ભરેલ આવેદનપત્રોની પ્રીન્ટ કાઢી તેની નકલ નીચે જણાવ્યા પ્રમાણે સમય સારણી મુજબ તથા નક્કી કરેલ કચેરી મારફત રાજ્ય પરીક્ષા બોર્ડને મળી જાય તે રીતે મોકલવાના રહેશે.

| ક્રમ | ફોર્મ મોકલનાર | કોને મોકલશે | મોકલવાની નિયત તારીખ |
|---|---|---|---|
| ૧ | • મદદનીશ શિક્ષણ નિરીક્ષક<br>• મદદનીશ શિક્ષક (આચાર્ય મારફત) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | ૨૨/૧૨/૨૦૧૬ સુધીમાં |
| | પંચાયત સંવર્ગ<br>• મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક<br>• વિસ્તરણ અધિકારી (શિક્ષણ)<br>• કેળવણી નિરીક્ષક વર્ગ-૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | |
| ૨ | • જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર. | ૨૮/૧૨/૨૦૧૬ સુધીમાં |
| | • જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર. | |
| ૩ | • કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.<br>• નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર. | રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | ૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં |

- ઉમેદવાર દ્વારા સીધા રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલાવેલ ફોર્મ રદ ગણવામાં આવશે.
- ઉપરોક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબના કર્મચારીઓ જે તે સંવર્ગમાં પુરા પગારમાં સમાવેશ થયેલ હોવા જોઇએ.
- ઉમેદવારે તેમના આવેદનપત્રની પ્રિન્ટ સારણીમાં બનાવ્યા મુજબ કચેરીના વડા/ ખાતાના વડા મારફતે પ્રમાણપત્રો ઉપર કચેરી/ખાતાના વડાના સહી સિક્કા સાથે જ મોકલવાના રહેશે. તેમજ શક્ય બને તો ખાતાના વડા ધ્વારા ઓનલાઇન એપ્રુઅલ આપવાની રહેશે.સીધા રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલાવેલ ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.
- ખાતાના વડા/ કચેરીના વડાએ આ જાહેરનામાં/પરીક્ષાની જાણ તેમના કર્મચારીઓને કરવાની રહેશે .
- ખાતાના વડા દ્વારા સમય મર્યાદા બાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- પરીક્ષાના વિષયોનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૨ ના જાહેરનામાના એપેન્ડીક્ષ-"એ" મુજબનો રહેશે.
- ઉમેદવાર તમામ પ્રશ્નપત્રો માટે સરકારશ્રી દ્વારા પ્રકાશીત પુસ્તકોની મદદ લેવા ઇચ્છેતો પ્રશ્નપત્રોના જવાબ લખવા તેવા સરકારી પ્રકાશનના પુસ્તકોની સહાય લઇ શકાશે. અન્ય પ્રકારનું સાહિત્ય લાવી શકાશે નહી.
- આવા પુસ્તકોની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પુરા પાડવામાં આવશે નહી.

## ❖ પરીક્ષા કેન્દ્ર ::

- તમામ ઉમેદવારો માટે પરીક્ષા કેન્દ્ર અમદાવાદ રહેશે.

## ❖ પાસ થવાનું ધોરણ::

- ઉમેદવારે દરેક પેપરમાં પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા ફરજીયાત છે.

## ❖ પૂનરાવર્તિત (રીપીટર) ઉમેદવારો માટે ::

- અનુત્તિર્ણ થનાર ઉમેદવારને એક કે વધુ વિષયમાં ૬૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હશે તો તેને તેજ વિષય/ વિષયોમાં પછીની પરીક્ષા માટે (Exemption) મુક્તિ મેળવવાને પાત્ર રહેશે.
- રીપીટર્સ તરીકે પરીક્ષા આપવા માંગતા હોય તેમને મુક્તિ પાત્ર વિષય માટે તે પરીક્ષાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલ આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાની રહેશે.તેમજ તે માટે ઓનલાઇન ભરવામાં આવતા ફોર્મમાં ઉલ્લેખ કરવાનો રહેશે. અન્યથા પાછળથી મુક્તિ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## ❖ પરીક્ષાની તકો તથા પરીક્ષા ફી :

- ખાતાકીય પરીક્ષા નિમણૂકની તારીખથી તથા સીધી ભરતીથી નિમણૂક મેળવનાર ઉમેદવારોએ નોકરીમાં પૂરા પગારમાં નિમાયાની તારીખથી ૩ વર્ષ અથવા ૩ (ત્રણ) તકોમાં જે પહેલું હોય તેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ ૩ + ૧ = ૪ તકોમાં પાસ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ નિયત થયેલ તક સુધી કોઇ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.
- જો પરીક્ષાર્થીઓ ને મળવાપાત્ર પરીક્ષા આપવાની તકો પૂર્ણ થઇ હોય તો તેવા પરીક્ષાર્થીઓએ વધારાની તક માટે ઉપસ્થિત થવા માટેના સરકારશ્રીના હુકમોની મંજૂરીના પત્રની નકલ ફોર્મની પ્રિન્ટ સાથે અવશ્ય મોકલી આપવાની રહેશે.
- નિયત સમય મર્યાદા તથા નિયત તકોમાં જો ઉમેદવાર ખાતાકીય પરીક્ષા પાસ ના કરે તો સરકારશ્રીમાંથી પરીક્ષામાં બેસવા માટેની મંજૂરી મેળવી આવા ઉમેદવારોએ નિયત થયેલ ફી રૂા. ૨૦૦/- ભરીને બેસી શકે છે. તથા પરીક્ષા ફી "સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને આવેદનપત્રની પ્રિન્ટ સાથે જોડવાનો રહેશે.

## ❖ પ્રરીક્ષાનું માધ્યમ :-

- દરેક પ્રશ્નપત્રોની ભાષા ગુજરાતી રહેશે.

## ❖ પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખુ :-

- દરેક પ્રશ્નપત્ર બહુવૈકલ્પીક હેતુલક્ષી પ્રકારના રહેશે.(MCQ)
- દરેક પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો રહેશે. તથા દરેક પ્રશ્નનો ૧ ગુણ પ્રમાણે કુલ ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે.
- ઉત્તરવહી OMR સ્વરૂપની રહેશે. જેમાં આપેલા વિકલ્પો પૈકી સાચા વિકલ્પમાં ગોળ [ • ] કરવાનું રહેશે.
- ખાતાકીય પરીક્ષા સમિતીની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આ વખતે ટેકનીકલ ઉપલબ્ધતા અને અનુકુળતા થશે તો આ પરીક્ષા ઓનલાઇન લેવામાં પણ આવે તેવી સંભાવના રહેશે.

## ❖ પરીક્ષાનો કાર્યક્રમ ::

| ક્રમ | પ્રશ્નપત્ર | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | સેવાપ્રથા | ૧૧/૦૨/૨૦૧૭ | ૧૧.૦૦ થી ૧૩.૩૦ | ૧૦૦ |
| ૨ | હિસાબીપ્રથા | ૧૧/૦૨/૨૦૧૭ | ૧૪.૩૦ થી ૧૭.૦૦ | ૧૦૦ |
| 3 | શિક્ષણ ખાતાના નિયમો અને ધારા ધોરણો તથા યોજનાઓ | ૧૨/૦૨/૨૦૧૭ | ૧૧.૦૦ થી ૧૩.૩૦ | ૧૦૦ |
| ૪ | પ્રકીર્ણ | ૧૨/૦૨/૨૦૧૭ | ૧૪.૩૦ થી ૧૭.૦૦ | ૧૦૦ |

## ❖ ઓનલાઇન અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે ઉમેદવાર .તા: ૦૯/૧૨/૨૦૧૬ બપોરના૧૫.૦૦ કલાક થી ૧૯/૧૨/૨૦૧૬ રાત્રે ૧૧.૫૯ કલાક દરમ્યાન (www.sebexam.org) પર અરજીપત્રક ભરી શકશે.ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજી કરવા માટે નીચે confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- "ખાતાકીય પરીક્ષા (વર્ગ: ૩)સામે Apply Now પર Click કરવું.
- **Apply Now પર Click કરવાથી Application Format દેખાશે .Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ માહિતી ભરવાની રહેશે .**
- હવે Save પર Click **કરવાથી તમારો** Data Save **થશે** અહીં ઉમેદવારનો .Application Number Generate **થશે** .જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature **પર** Click **કરો** અહીં તમારો .Confirmation Number Type **કરો** અને તમારી Birth Date Type **કરો** ત્યારબાદ .Submit **પર** Click **કરો** અહીં .Photo **અને** Signature upload **કરવાના છે.**
- Photo **અને** Signature upload કરવા **સૌ પ્રથમ** તમારો Photo **અને** Signature JPG format **માં** 10)Kb (સાઇઝથી વધારે નહીં) તે રીતે Computer **માં હોવા જોઇએ** .Browse Button **પર** Click **કરો** હવે .Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store **થયેલ છે તે** ફાઇલને Select **કરો અને** .Open Button ને Click **કરો** હવે .Browse Button ની બાજુમાં upload Button **પર** Click **કરો** હવે બાજુમાં તમારો ,Photo દેખાશે હવે આજ રીતે .Signature પણ upload કરવાની રહેશે.
- હવે Preview & Confirm Application **પર** Click **કરો** .અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type **કરો** ત્યારબાદ .Submit **પર** Click **કરો** . જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો .**અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે .પરંતુ . અરજીConfirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.**

- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું .Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે..
- હવે Print Application પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો ત્યારબાદ .Submit પર Click કરો .
- અહિંથી તમારી અરજીપત્રકની પ્રિન્ટ તથા પ્રમાણપત્રની નકલ કાઢી લેવી .
- હવે અરજીપત્રકની પ્રિન્ટ પર ઉમેદવારે તેમના ફોર્મ સારણીમાં બતાવ્યા મુજબ કચેરીના વડા/ ખાતાના વડા મારફતે પ્રમાણપત્રો ઉપર કચેરી/ખાતાના વડાના સહી સિક્કા સાથે જ મોકલવાના રહેશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો .

- <u>ઉમેદવાર તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.</u>

## ❖ જરૂરી આધારો/પ્રમાણપત્ર

ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિંન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો /પ્રમાણપત્રો જોડવાના રહેશે.

- ઓનલાઇન અરજીપત્ર (પ્રમાણપત્ર પર કચેરીના વડાના સહિ-સિક્કા સાથે )
- પરીક્ષા ફી નો ડી.ડી. (લાગુ પડતુ હોય તો)
- અગાઉના દરેક પ્રયત્નોની માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ બીડવી.
- ઉમેદવારનો પુરા પગારનો કચેરી આદેશ.
- જો વધારાની તક અપાયેલ હોય તો તે હુકમની નકલ સામેલ રાખવી.
- વય અને નોકરીની મર્યાદામાં છુટછાટ માટે આપનાર સત્તા ધરાવતા અધિકારીઓનો હુકમ નકલ સામેલ રાખવી.

## ❖ સામાન્ય સુચનાઓ:-

- ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારો બેસવાપાત્ર છે કે કેમ ? તે અંગે જે તે ખાતાના વડાએ ચકાસણી કરીને ઓનલાઇન ભરવામાં આવેલ આવેદનપત્રો જરૂરી આધારો સહિત બોર્ડને સમયસર મોકલી આપવાના રહેશે.
- ખાતાકીય પરીક્ષામાં સરકારશ્રીમાં ફી જમા થાય બાદ કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.
- ઘણા કીસ્સામાં પરીક્ષાની કેટલી તકો છે તે ફોર્મમાં દર્શાવવામાં આવતી નથી. જે ફોર્મમાં અચૂક દર્શાવવાની રહેશે. અધૂરી વિગતવાળા ફોર્મ રદ થવાને પાત્ર થશે.
- જે ઉમેદવારની નિયત તકો પૂર્ણ થઇ ગઇ હોય તેવા સંજોગોમાં વડી કચેરીની મંજૂરી મેળવવી આવશ્યક છે.
- પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોએ રાઇટરની મંજૂરી કચેરીના વડાની મેળવવાની રહેશે. તથા મુક્તિપાત્ર વિષયોની મુક્તિ પરીક્ષા શરૂ થતાં અગાઉ સરકારશ્રીમાંથી મેળવી લેવાની રહેશે.
- ફોર્મ સ્વીકારવાની નિયત તારીખ પૂર્ણ થયા બાદ ફોર્મ બોર્ડને મોકલવા નહી.
- <u>સદર પરીક્ષા OMR સ્વરૂપની હોવાથી રીચેકીંગની કોઇ જોગવાઇ નથી.</u>
- શિક્ષણ વિભાગના તા:-૨૧/૧૨/૨૦૧૨ નો ઠરાવ ઓનલાઇન મુકેલ છે, જેની નોંધ લેવી.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ <u>નકલ સવિનય રવાના જાણ તથા કાર્યવાહી સારૂ :</u>

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,ગુ.રા. જુના સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી ઓફ સ્કુલ., ગુ.રા. જુના સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગુ.રા. બ્લોક નં ૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, ગુ.રા. અમદાવાદ.

(૭) નિયામકશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર ,ડી.પી.ઇ.પી., ગાંધીનગર.

(૮) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.

❖ <u>નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :</u>

(૧) જિલ્લા શિક્ષણાધીકારીશ્રી,તમામ.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી,તમામ.

(૩) જિલ્લા નિરંતર શિક્ષણાધીકારીશ્રી,તમામ.

(૪) શાશનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરની તમામ વિગતો ચકાસતા તે સંપૂર્ણ સાચી જણાયેલ છે.

શ્રી..............................................................................................................................................

હોદ્દો............................................................. કચેરીનું નામ .........................................................................

માહે-ફેબ્રુઆરી -૨૦૧૭માં લેવાનાર ખાતાકીય પરીક્ષા માટે પાત્રતા ધરાવે છે.

સ્થળ : કચેરીના વડાની સહી અને સિક્કો

તારીખ :

ખાતાના વડાની સહી અને સિક્કો

સ્થળ :

તારીખ :

:: પ્રમાણપત્ર ::

શ્રી..............................................................................................................................................

સને ફેબ્રુઆરી-૨૦૧૭માં લેવાનારી ખાતાકીય પરીક્ષામાં નિયમોનુસાર સરકારશ્રીએ પરવાનગી આપી છે અને નિયમ પ્રમાણે જરૂરી પરીક્ષા ફી ભરેલ છે / ફી ભરેલ નથી.ફી નો ડિમાન્ડ ડ્રાફ્ટ આ સાથે મોકલી આપવામાં આવે છે.ઉમેદવારને જે વધારાની તક અપાઇ છે તે હુકમની એક નકલ આ સાથે સામેલ છે.

સ્થળ : કચેરીના વડાની સહી અને સિક્કો

તારીખ :

સ્થળ : ખાતાના વડાની સહી અને સિક્કો

તારીખ :